# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર

અંક : ૯૩ જુલાઈ – સપ્ટેમ્બર ૨૦૨૫


## તંત્રીસ્થાનેથી . . .


**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. ડો. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી યોગેશભાઈ વેલાણી
૫. શ્રી મધુભાઈ મહેતા
૬. શ્રી કુંજલભાઈ પટેલ
૭. શ્રી રોહિતભાઈ પરીખ
૮. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જિજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદીપભાઈ અટોદરિયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

કિડની અને તેના વિવિધ રોગો વિષે જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂકરવામાં આવેલ ગુજરાત રાજ્યની એકમાત્ર સંસ્થા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશને સફળતા પૂર્વક તેના ૨૩ વર્ષ પૂર્ણ કર્યા છે.

લોકજાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પો દ્વારા કિડનીના રોગ માટે રોકથામનું કાર્ય શહેરી અને ગ્રામ્ય એમ બંને વિસ્તારોના વિવિધ સ્થળો પર થઈ રહ્યું છે. આ ત્રિમાસિક સમયમાં કુલ ૧૦૪ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૬૨ બીપી અને ડાયાબિટીસ કેમ્પનું આયોજન થયું હતું. આ કાર્યક્રમો રાજ્ય શિક્ષણ તાલીમ સંસ્થા; ગાંધીનગર, પોસ્ટલ તાલીમ કેન્દ્ર; વડોદરા, જીલ્લા શિક્ષણ તાલીમ ભવન; પાટણ, બી.આર.સી. ભવન; વેરાવળ અને જુનાગઢ, જી.એચ.સી.એલ. ફાઉન્ડેશન; તાલાલા, ધોળકા એજ્યુકેશન ટ્રસ્ટ; ધોળકા, ડીપાર્ટમેન્ટ ઓફ જીઓગ્રાફી ગુજરાત યુનિવર્સીટી; અમદાવાદ, એમ.જે કોલેજ; ભાવનગર વગેરે જેવી સંસ્થાઓ માટે યોજાયા હતા.

આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં મનુષ્ય જીવનશૈલી આધારિત બીમારીઓ જેવી કે ડાયાબિટીસ, હાઈબ્લડપ્રેશર, માનસિકતાણ, હતાશા અને મેદસ્વીપણાનો ખૂબ જ ઝડપથી શિકાર બની રહ્યો છે અને તેની અસર શરીરના મહત્વના અંગ કિડની પર વિશેષ પડતી હોય છે જેની વિસ્તૃત માહિતી અમારા આ જાગૃતિ કાર્યક્રમોમાં ઓડીયો વિઝ્યુઅલ દ્વારા આપવામાં આવતી હોય છે.

તારીખ ૧૩ ઓગસ્ટ આ દિવસ વિશ્વમાં કેડેવરીક અંગદાન (મગજના મૃત્યુ બાદ થતું અંગદાન) વિષે સમાજમાં જાગૃતતા આવે તે માટે 'વિશ્વ અંગદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સંસ્થા વર્ષ ૨૦૦૬ થી 'જીવનદાન' કાર્યક્રમ અંર્તગત આ વિષય પર જનજાગૃતિ લાવીને અંગદાન માટે લોકોને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

આ વિશેષ દિવસે સંસ્થા દ્વારા કેડેવરીક અંગદાન વિષય પર જાગૃતિ લાવવા માટે અંગદાન જાગૃતિ સપ્તાહ ઉજવીને વિવિધ જગ્યાઓ પર નિષ્ણાત તબીબો દ્વારા જાગૃતિ સેમિનારનું આયોજન થયું હતું જેમાં ભાગ લેનાર શ્રોતાઓને અંગદાનનો સંકલ્પ કરાવીને સંમતિપત્રક ભરાવવામાં આવ્યા હતા.

કિડની ટ્રાન્સપ્લાન્ટ અને હિમોડાયાલિસીસ કરાવતા જરૂરિયાતમંદ દર્દી મિત્રોને સહાય કરવાના હેતુથી સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૨ થી 'સેવ અ લાઈફ' કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે.

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આ 'સેવ અ લાઈફ' કાર્યક્રમ થકી વધુમાં વધુ દર્દી મિત્રોને સહાય કરી શકાય તે માટે સંસ્થાની અમદાવાદ સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહે રૂ. ૨૬,૨૫,૦૦૦/– જેટલી મોટી રકમનું દાન આપ્યું છે. હું એમની આ પહેલની પ્રસંશા કરતા એમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છુ.

આ ઉપરાંત શ્રી રશ્મિકાંતભાઈ શાહ દ્વારા બીપી અને ડાયાબિટીસ તપાસ કેમ્પ માટે દર મહીને રૂ. ૪૦,૦૦૦/– અને નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ માટે દર મહીને રૂ. ૩૦,૦૦૦/– ની સહાય પ્રાપ્ત થઈ રહી છે. આ સેવારૂપી યજ્ઞમાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર બંને દાતાશ્રીઓનો હું હૃદય પૂર્વક અભાર વ્યક્ત કરું છુ.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોક પરીખ

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

## જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

### કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:



સુરત સિટીઝન્સ કાઉન્સિલ ટ્રસ્ટ, સુરત



ડો. ઠાકોરભાઈ પટેલ ગર્લ્સ કોલેજ, વડોદરા



બી.આર.સી ભવન, વેરાવળ



બી.આર.સી. ભવન, જૂનાગઢ



આણંદ કૃષિ યુનિવર્સિટી



એમ. જે કૉલેજ, ભાવનગર



ગુજરાત રાજ્ય સિક્ષણ તાલીમ ભવન, ગાંધીનગર



જિલ્લા સિક્ષણ તાલીમ ભવન, પાટણ



ધોળકા એજ્યુકેશન ટ્રસ્ટ, ધોળકા



બી. આર. સી. ભવન, ગાંધીનગર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




જલારામ મંદિર ખાતે મેગા મેડિકલ કેમ્પ, ભાવનગર



જિલ્લા શિક્ષણ તાલીમ કેન્દ્ર, પાટણ




જીવનતીર્થ વાડજ, અમદાવાદ



પ્રાથમિક શાળા સેક્ટર-૨, ગાંધીનગર




વિશ્વકર્મા મંદિર; ચાંદલોડિયા, અમદાવાદ



કરમશી બાપા ગુરુ આશ્રમ, સુરત




ગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટ, અમદાવાદ



શ્રી ગણેશ મંદિર, મહાવીરનગર, હિંમતનગર



ગોઝારીયા ગામ તા.જી. મહેસાણા

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુલાલ વિરાણી
૩. શ્રી હિતેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# વિશ્વ અંગદાન દિવસ

## અમદાવાદ

કેડેવર ઓર્ગન ડોનેશન (મગજના મૃત્યુબાદ થતું અંગદાન) વિશે સમાજમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૬ થી 'જીવનદાન' કાર્યક્રમ અંતર્ગત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તારીખ ૧૩ ઓગસ્ટનો દિવસ ‘વિશ્વ અંગદાન દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ કેડેવર અંગદાન વિશે લોકોમાં જાગૃતતા લાવવાનો છે જેના ભાગરૂપે સંસ્થા દ્વારા અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગોતા અને સરકારી પોલીટેકનિક કોલેજ એમ બે જગ્યાઓ પર અંગદાન જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શેલ્બી હોસ્પિટલ અમદાવાદ ખાતે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા શ્રી યોગેશ પ્રજાપતિએ માનવ અંગ પ્રત્યારોપણ કાયદો અને કેડેવર અંગદાન વિશે શ્રોતાઓને વિસ્તૃત માહિતી આપીને દરેકને અંગદાન કરવાનો સંકલ્પ કરાવ્યો હતો.





સરકારી પોલીટેકનિક કોલેજ અને અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી

## ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર ચેપ્ટર દ્વાર અંગદાન દિવસ નિમિત્તે ટી.બી. જૈન હાઈસ્કુલના સહયોગથી ભાવનગરના ઘોઘા ગેટથી પીલ ગાર્ડન વિસ્તાર સુધી અંગદાન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંગદાન વિષે માહિતી આપતા પોસ્ટર અને પ્લેકાર્ડ દ્વારા જાગૃતિ લાવવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.








## વડોદરા

વડોદરા ચેપ્ટરમાં આ દિવસે પોસ્ટલ ટ્રેઈનીંગ સેન્ટર, વડોદરા રીજીયન ખાતે કેડેવર ઓર્ગન ડોનેશન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યોમાં ભારતીય પોસ્ટ વિભાગમાં કાર્ય કરતા તાલીમાર્થીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે ટ્રેઈનીંગ સેન્ટરના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી દિનેશ વાસદાની તેમજ વક્તા તરીકે શહેરના જાણીતા નેફ્રોલોજીસ્ટ ડો. કમલેશ પરીખ હાજર રહ્યા હતા. ડો. કમલેશ પરીખે ખૂબ જ સરળ ભાષામાં કેડેવર ઓર્ગન ડોનેશન વિષે વિસ્તૃત માહિતી આપીને દરેકને અંગદાન કરવા માટે આગળ આવવાની અપીલ કરી હતી.





કેડેવર ઓર્ગન ડોનેશન વિષે વિસ્તૃત માહિતી આપતા ડો. કમલેશ પરીખ

## રાજકોટ

આ ચેપ્ટરમાં વિશ્વ અંગદાન દિવસે શહેરના રેસ કોર્સ ગાર્ડન અને જોગર્સ પાર્કમાં આવતા સ્વાસ્થ પ્રત્યે જાગૃત લોકોને કેડેવર અંગદાન વિષે માહિતી આપતી પુસ્તિકાનું વિતરણ કરીને માહિતગાર કરવામાં આવ્યા હતા ઉપરાંત તેમને અંગદાન કરવાનો સંકલ્પ કરાવીને અંગદાન સંમતી પત્રક પણ ભરાવવામાં આવ્યા હતા.

વધુ એક કેડેવર અંગદાન જાગૃતિ કાર્યક્રમ રાજકોટ શહેરની સોઢા ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ કોલેજના વિધાર્થીઓ માટે કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં અંગદાન પ્રત્યારોપણ કાયદો તેમજ કેડેવર અંગદાનની સમગ્ર પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.






**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

## વડોદરા



૨૭ જુલાઈ ૨૦૨૫ રવિવારે રોટરી કલબ ખાતે વડોદરા ચેપ્ટર દ્વારા હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલા મિત્રો માટે પ્રેરણા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પ્રેરણા મિત્રો હાજર રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય વક્તા ડાયાટીશિયન શ્રીમતી આસ્થા મહીડાએ દર્દીમિત્રોને રોજીન્દા જીવનમાં આહાર લેવામાં રાખવી પડતી કાળજી વિષે PPTના માધ્યમથી ખુબ જ સરળ ભાષામાં માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે હિમોડાયાલિસીસ અને ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ મિત્રોએ પ્રોટીન, સોડિયમ, પ્રવાહી(ફ્લુઈડ), પોટેશિયમ, ફોસ્ફરસ વગેરેને નિયંત્રણમાં રાખવા પડતા પોષક તત્વો છે આ ઉપરાંત અન્ય ખોરાકમાં રાખવી પડતી પરેજી વિષે પણ ખૂબ જીણવટપૂર્વકની ઉપયોગી માહિતી પ્રેરણા મિત્રોને આપી હતી.

## અમદાવાદ

ફ્રેન્ડ્સ થીયેટર ગ્રુપના સહયોગથી અમદાવાદના પ્રેરણા મિત્રો માટે તારીખ ૨૪ જુલાઈના રોજ જીગ્નેશભાઈ જોરદાર ટાઈટલ નામના હાસ્ય નાટક શોનું આયોજન થયું હતું. પ્રેરણા મિત્રોએ ઉત્સાહથી આ નાટકની મજા માણી હતી. આ નાટકની વિના મુલ્યે ટિકિટો આપવા બદલ ફ્રેન્ડ્સ થીયેટર ગ્રુપના માલિક શ્રી વીપુલભાઈ શાહ અને શ્રી ચેતનભાઈ ગાંધીનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી પી. ડી. પટેલ
૬. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૭. શ્રી સંદીપભાઈ શેઠ



## ઋણ સ્વીકાર કાર્યક્રમ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વડોદરા ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખ દ્વારા વર્ષ ૨૦૨૪માં પોતાના ૭૧માં જન્મદિવસે કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાય કરવાના હેતુથી ૭૧ ચેરીટી મ્યુઝીકલ કાર્યક્રમ કરવાનો જે શુભ સંકલ્પ કર્યો હતો એ સંસ્થા માટે ખૂબ જ ગૌરવની વાત છે.આ અંતર્ગત તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ શ્રી રોહિતભાઈ પરીખે પોતાના ૭૨મા અને શ્રી શ્યામુરાજાજીએ પોતાના ૮૪માં જન્મદિવસે સાથે મળીને જરૂરિયાતમંદ કિડનીના દર્દી મિત્રોને સહાય કરવાના હેતુથી સંગીત કાર્યક્રમ દ્વારા ઉજવવાનું આયોજન કલ્યાણ પ્રસાદ હોલ, વડોદરા ખાતે 'સુર સપ્તક'નામથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરાની સલાહકાર સમિતિના સભ્ય શ્રી યોગેશભાઈ વેલાણી ઉપસ્થિત રહ્યા હતા. પ્રખ્યાત ગાયક શ્રી ચંદ્રશેખર પાગેદાર અને તેમના સુપુત્રી જાનકીબેન કાનેટકર તેમજ અન્ય ગાયક કલાકારોએ પોતાના સુરીલા ગીતો દ્વારા શ્રોતાઓને મનોરંજીત કર્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ અત્યાર સુધીમાં થયેલી વિવિધ મ્યુઝીકલ ઈવેન્ટમાં દર્દીઓ માટે ભંડોળ એકત્ર કરવા માટે પોતાનું યોગદાન આપનાર ગાયક કલાકારોનો ઋણ સ્વીકાર કરવાનો હતો. આ કાર્યક્રમમાં ગાયક કલાકારોને શ્રી યોગેશભાઈ વેલાણીના હસ્તે સ્મૃતિચિન્હ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.






## Save a life

હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણની સારવાર લઈ રહેલા જરૂરીયાતમંદ કિડનીના દર્દીઓને 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સારવાર માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. આ કાર્યક્રમ સંસ્થા દ્વારા જુલાઈ ૨૦૦૨માં શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી સંસ્થા દ્વારા હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ પછીની દવાઓ તથા AV ફિસ્ટુલા સર્જરી માટે ઘણા બધા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સહાય કરવામાં આવી છે.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન (જુલાઈ થી સપ્ટેમ્બર) સંસ્થા દ્વારા ૭૩ જરૂરિયાતમંદ ડાયાલિસિસ દર્દીઓ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને ડાયાલિસીસ કીટ, દવાઓ અને A v ફિસ્ટુલાની શસ્ત્રક્રિયા માટે રૂ. ૨,૭૨,૫૯૦/– ની સહાય કરવામાં આવી છે.

છેલ્લા ૩ મહિનામાં અમે AV ફિસ્ટુલા સર્જરી માટે કિડનીના ૨ જરૂરિયાતમંદ દર્દીને મદદ કરી છે.


સમાજના સારથિ — આ સપ્તાહ... ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન

છેલ્લા 23 વર્ષથી કિડનીના દર્દીઓની દરેક પ્રકારની સેવા કરતી સંસ્થા

લોકોને જાગૃત કરાયા... વિનામૂલ્યે વિતરણ... જરૂરિયાતમંદ લોકો માટે... ચેકઅપ કેમ્પ

47000 કરતા વધુ ... ડાયાબિટીસના રિપોર્ટ


ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે વિવિધ જનજાગૃતિ કાર્યો નું આયોજન કરાયું

સૌરાષ્ટ્ર પ્રતિબિંબ

સમગ્ર ગુજરાત રાજ્યમાં વસતિના દરમાં જે રીતે ચક્ષુદાન અને દેહદાનમાં ભાવનગર જિલ્લો વર્ષોથી અગ્રેસર રહ્યો છે. એવી જ રીતે અંગદાન માટે પણ લોકો આગળ આવી રહ્યા છે ૧૩ ઓગસ્ટ એટલે વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે એ નોંધપાત્ર બાબત છે કે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા રેડક્રોસ સોસાયટી ભાવનગર સાથે જોડાઈ ને ૧૩ ઓગસ્ટે વિશ્વ અંગદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી ...




|| સમાજ - સંસ્થા બ્રીફ ||

ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ અંગદાન દિવસે જનજાગૃતિ કાર્યો કરાયા

13 ઓગસ્ટ વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા સમાજ માં અંગદાન માટે જાગૃતિ આવે તે માટે અલગ અલગ કાર્યક્રમો નું આયોજન કરવા માં આવેલ જેમાં સવારે 8 થી રાત્રી ના 8 દરમ્યાન રેડક્રોસ સોસાયટી દિવાનપરા રોડ, ભાવનગર ખાતે અંગદાન, ચક્ષુદાન, દેહદાન ના સંકલ્પપત્રો ભરવા નો કાર્યક્રમ યોજાયેલ...


સાર સમાચાર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અંગદાન જાગૃતિ સેમિનાર યોજાયા

નવગુજરાત સમય > અમદાવાદ: ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા 23 વર્ષથી કિડની અને કિડનીના રોગો તેમજ અંગદાન લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. કેડેવર ઓર્ગન ડોનેશન (મગજના મૃત્યુ થતું અંગદાન) વિશે સમાજમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2006થી ... કાર્યક્રમ અંતર્ગત પ્રયાસ કરાઈ રહ્યા છે. તા.13 ઓગસ્ટનો દિવસ 'અંગદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ કેડેવર અંગદાન વિશે જાગૃતતા લાવવાનો છે જે અંતર્ગત અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને સરકારી પોલિટેકનિક કોલેજ એમ બે જગ્યાઓ પર અંગદાન જાગૃતિ ...

## 'સેવ અ લાઈફ' કાર્યક્રમનો લાભ લેતા દર્દી મિત્રોની વાંચા



માસ્ટર નિકુંજ યોગેશભાઈ ચાવડા

મારુ નામ યોગેશ ચાવડા છે. હું વડોદરાના તરસાલી વિસ્તારમાં રહું છું. મારા કુટુંબમાં મારા મમ્મી – પપ્પા, ભાઈ, મારા પત્ની અને બે બાળકો છે. હું એક પ્રાઈવેટ કંપનીમાં જોબ કરું છું. મહિને મારો પગાર આશરે રૂ. ૧૫,૦૦૦ છે, ઘરના તમામ સભ્યોની જવાબદારી મારા પર છે. મારા ભાઈને માનસિક તકલીફ હોવાથી એ જોબ પર જઈ શકે તેમ નથી.

મારા મોટા દીકરા નિકુંજને જન્મથી મૂત્રમાર્ગની ગંભીર બીમારી છે. તેમજ એક કિડનીની સાઈઝ નાની છે. યુરીન પાછળના ભાગેથી પસાર થાય છે તેમજ મળમાર્ગની પણ તકલીફ છે. અત્યારે નિકુંજની ઉમર ૮ વર્ષની છે. છેલ્લા ૮ વર્ષમાં અમદાવાદ, વડોદરાની સિવિલ હોસ્પિટલ તેમજ પ્રાઈવેટ હોસ્પિટલ તથા નડિયાદની મૂળજીભાઈ હોસ્પિટલમાં ઘણી સારવાર કરાવી તેમજ ૮ વર્ષમાં ૮ સર્જરી થઈ અને ખર્ચ આશરે ૭ લાખ જેટલો થયો. છેલ્લા ૮ વર્ષમાં ધારી સફળતા ના મળતા અમે ૨૦૨૩ માં પૂણેની યુરો કુલકર્ણી હોસ્પિટલમાં પ્રયત્ન કર્યો અને ૨૦૨૩ થી જૂન ૨૦૨૫ સુધીમાં ત્રણ સર્જરી થઈ ત્યારબાદ થોડી સફળતા મળી પરંતુ હજી એક સર્જરી બાકી છે. જે આવતા વર્ષે થશે. જેનો ખર્ચ આશરે એક લાખ થશે. મારી મોટા ભાગની આવક દીકરાની બીમારી પાછળ ખર્ચાઈ જતી હોવાથી મારે ઉધાર રૂપિયા લઈને સારવાર કરાવવી પડે છે.

નિકુંજની છેલ્લી સર્જરી પૂણેમાં થઈ ત્યારે આશરે ૮૦,૦૦૦ રૂપિયા જેટલો ખર્ચ થયો હતો જેમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન તરફથી રૂપિયા ૨૦,૦૦૦ની મદદ મળી. અને આગળ મને મદદની ખાતરી આપી છે. આ માટે હું સંસ્થાનો આભાર માનું છું.

---

મારુ નામ કરશનજી પરબતજી ઠાકોર છે. મારી ઉંમર ૪૫ વર્ષ છે. હું મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ નવાપુરા સુઢીયા ગામમાં રહું છું અને છૂટક કામ કરીને મારા ઘરનું ગુજરાન ચલાવું છું.

માર્ચ ૨૦૨૫ માં જયારે કિડનીના નિષ્ણાંત તબીબ ડો. નીલ પટેલ દ્વારા મારી બંને કિડની નિષ્ફળ હોવાનું નિદાન કરીને મને ડાયાલિસીસની સારવાર કરાવવાની અને તે પહેલા AV ફિસ્ટુલા નામની સર્જરી કરાવવાની સલાહ આપવામાં આવી ત્યારે હું ખૂબ જ હતાશ થઇ ગયો હતો કારણ કે મારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી આ ફિસ્ટુલા ઓપરેશન કરાવવું મારી માટે કપરું હતુ પરંતુ ડોક્ટર સાહેબના કહેવા પ્રમાણે તાત્કાલિક ધોરણે ડાયાલિસીસની સારવાર શરુ કરવી જરૂરી હોવાથી ગળાથી કેથેટર દ્વારા લાયન્સ જનરલ હોસ્પિટલ, મહેસાણા ખાતે ડાયાલિસીસ શરુ કરવામાં આવ્યું. કેથેટરથી વધારે સમય સારવાર શક્ય ન હોવાથી ડો. નીલ પટેલે મને મને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો સંપર્ક કરવા માટે કહ્યું આ સંસ્થાનાના કાર્યકર્તાની અમે મુલાકાત કરી તેઓએ મારી વાત સાંભળી અને સમજી. ત્યારબાદ સંસ્થા દ્વારા મહેસાણા ખાતે ડો. પિયુષ પટેલને ત્યાં મારી AV ફિસ્ટુલા સર્જરી કરાવવાનું આયોજન કરવામાં આવ્યું. જ્યાં મારી સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી અને એના કારણે હું મારી હિમોડાયાલિસીસની સારવાર સમયસર લઈ શકું છું.સમયસર મને મદદરૂપ થવા માટે હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરું છું.



કરશનજી પરબતજી ઠાકોર

---



રામાજી જવાનજી ઠાકોર

મારું નામ રામાજી જવાનજી ઠાકોર છે. હું મેઉ ગામ તા.જી. મહેસાણા નો રહેવાસી છું. ૬ મહિના પહેલા મારુ ક્રોનિક કિડની ડીસીઝનું નિદાન થયું હતું અને ફિસ્ટુલાના ઓપરેશનની જરૂરિયાત ઉભી થઈ હતી આર્થિક પરિસ્થિતિ એટલી સારી ના હોવાથી આ સર્જરી માટે વધારે સમય ખેચાઈ ગયો તે દરમિયાન લાયન્સ હોસ્પિટલમાં હિમોડાયાલિસીસ ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા મહેશભાઈએ મારો સંપર્ક કિડની ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સાથે કરાવ્યો અને સંસ્થામાં કાર્ય કરતા ઓફિસર મારા ઘરે રૂબરૂ મુલાકાત માટે આવ્યા જ્યાં મે મારી તકલીફ એમને જણાવી એ પછી થોડાક જ દીવસોમાં સંસ્થા દ્વારા ડો. પિયુષ પટેલની હોસ્પીટલમાં મારુ AV ફિસ્ટુલાનું સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું. જેનો સંપૂર્ણ ખર્ચ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવ્યો હતો.

# દાતાશ્રીઓ

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ<br>(શ્રી રણછોડલાલ એલ. બુટાલા મેમોરિયલ ફંડ) | રૂ. ૨૬,૨૫,૦૦૦/– |

## Save a life સેવ અ લાઈફ કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦ /– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રી અલ્પેશભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૬૦,૦૦૦/– |

# ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૪. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૫. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૬. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧–૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯–૧૯૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation   Irfindia   Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G